ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરી

# ન્યાયમંદિર દૂધવાલા મહોલ્લામાં વર્ષો જૂનું મકાન ધરાશાયી,લોકોમાં ફફડાટ

એકાએક મકાન ધરાશાયી થતાં લોકટોળા ઉમટી પડ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના ન્યાય મંદિર દુધવાલા મોહલ્લામાં વર્ષો જૂનું મકાન ધરાશાયી થતા મોટા અવાજથી લોકોમાં ફફડાટ ફેલાયો હતો. જ્યારે સર્જાયેલા આ અકસ્માતમાં કેટલાક વાહનો દબાઈ ગયા હતા. જ્યારે સામે આવેલા અન્ય બીજા મકાનને પણ નુકસાન થયું હતું. તાત્કાલિક ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરી હતી.વડોદરા શહેરમાં હજી પણ કેટલીક જર્જરિત ઈમારતો અકસ્માતને આમંત્રણ આપી રહી છે. આવા મકાનોને ઉતારી લેવા નિર્ભયતા શાખા દ્વારા નોટિસ આપવામાં આવે છે. જો કે જે બાદ કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવતા આવા મકાનો અને તેનો કેટલોક ભાગ તૂટી પડતા અકસ્માત સર્જાય છે. ત્યારે આવી જ એક ઘટના શહેરના ન્યાયમંદિર વિસ્તારમાં આવેલા દૂધવાલા મહોલ્લામાં બની હતી.

ન્યાય મંદિર દૂધવાલા મોહલ્લા પાસે સંતોષ નિવાસ લોજની ગલીમાં વર્ષો જૂનું મકાન આજે એકાએક ધરાશાહી થઈ ગયું હતું. જેના કારણે નીચે પાર્ક કરેલા કેટલાક વાહનો દબાઈ ગયા હતા. મકાન ધારાશાયી થવાના મોટા અવાજથી આસપાસના લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. જ્યારે આ ઘટનામાં સામે આવેલા એક મકાનને પણ મોટું નુકસાન થયું હતું. બનાવને પગલે ઘટના સ્થળે લોક ટોળા ઉંમટી પડ્યા હતા. આ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને કાટમાળ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. બનાવને પગલે સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દાંડિયા બજાર ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર પ્રતાપ ડામોરે જણાવ્યું હતું ફાયર કંટ્રોલરૂમમાંથી સવારે કોલ મળ્યો હતો કે, દૂધવાલા મહોલ્લામાં એક મકાન પડી ગયું છે. જેથી અમે સ્થળ પર પહોંચ્યા હતા. મકાન વર્ષો જૂનું અને સાંકળી હોવાના કારણે આજુબાજુ નો કોઈ રસ્તો જવાનો રહ્યો નથી. હાલ કાટમાલ હટાવવાની કામગીરી કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે. સદનસીબે આ ઘટનામાં મોટી જાનહાનિ થતા ટળી હતી.

પતિએ પત્નીની સામે જ કહ્યું તારી સાથે તો માત્ર રૂપિયા માટે લગ્ન કર્યાં

# લગ્ન થઇ ગયા હોવા છતાં પતિએ પ્રેમિકા સાથે અનૈતિક સંબંધ ચાલુ રાખ્યા

**દિવાળીપુરાની** કંટાળેલી પરીણીતાની પતિ અને સાસરીયા વિરુદ્ધ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ગોત્રી દિવાળીપુરા વિસ્તારમાં રહેતી યુવતીના લગ્ન મધ્યપ્રદેશ ખાતે કર્યાં હતા પરંતુ પતિએ લગ્ન બાદ પણ અન્ય યુવતી સાથે સાથે પ્રેમ સંબંધ ચાલુ રાખ્યાં હતા. પત્નીએ અનૈતિક સંબંધ બાબતે ટોકતા પતિએ કહ્યું મારે અન્ય યુવતી સાથે પ્રેમ સંબધ છે અને તારી સાથે રૂપિયા માટે લગ્ન કર્યાં હતા તેમ કહી દહેજ માટે ત્રાસ આપતા હતા અને સાસરીયા પણ પતિને સહકાર આપતા હોય પરીણીતાએ પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના ગોત્રી દિવાળીપુરા વિસ્તારમાં આવેલા સાંઈકૃપા એપાર્ટમેન્ટમાં રહેતા પ્રનિતા ઠાકોરે ફરિયાદ નોંધાવી છે કે મારા લગ્ન વર્ષ 2021માં સમાજના રીત રીવાજ મુજબ નાગપુર મુકામે રાહુલ કોર સાથે થયા હતા. લગ્ન બાદ પણ પતિ હનીમુન સમય દરમ્યાન પણ મારી સાથે શરીર સંબંધ બાંધવા પ્રયત્ન કર્યો ન હતો. મારી સાથે શારીરિક માનસીક રીતે હેરાન કરવા સાથે દહેજની માંગણી કરતા હતા મને નોકરી શોધવા દબાણ કરતા નોકરી કરીશ તો મારા પતિના વર્તનમાં કોઈ સુધારો આવશે પણ આવ્યો ન હતો.

મારા પતિ મોટા ભાગનો સમય ઘરની બહાર વિતાવતા હતા. પતિ અમદાવાદ ગયા ત્યારે એક ટિકિટ બુક કરાવી અને વડોદર પરત આવતા બે ટીકીટ બુક કરાવી હતી.

ત્યારબાદ મને જાણવા મળ્યું હતું કે મારા પતિને અન્ય યુવતી સાથે અનૈતિક સંબંધ ચાલે છે. જેથી આ બાબતે મારા પતિને પૂછતા તેઓ જણાવ્યું હતું કે મેં તારી સાથે ફક્ત રૂપિયા માટે લગ્ન કર્યાં છે. હું તેજ યુવતીને પ્રેમ કરું છું. ઉપરાંત પતિ મને કહેતા હતા કે એક તો ઘર છે અને તકલીફ થતી હોય તો ઘરની બહાર નીકળી જા. પિયરમાં રહીને મારા પતિનો સંપર્ક કરતા મને સતત ધમકી આપતા મે મહિલા પોલીસ સ્ટેશ નમાં અરજી આપી હતી. જે અરજીમાં પણ મારા પતિ સમાધાન નહી કરતા કોર્ટમાં પ્રિ-લીટીગેશનમાં મોકલ્યું હતું. પોલીસે પતિ રાહુલ, સાસુ સસરા વિનોદ ઠાકુર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીને આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવી

# ખોટા દસ્તાવેજો આધારે એસબીઆઇ બેંકમાંથી રૂ.1.97 કરોડની લોન લઈ કરનાર મહિલા ઝડપાઇ




(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ખોટા દસ્તાવેજો આધારે એસબીઆઇ બેંકમાંથી રૂ.1.97 કરોડથી વધુ રૂપિયાની હોમ લોન મેળવી 16 આરોપીઓ દ્વારા ઠગાઈ કરવામાં આવી હતી. ત્યારે આ ઠગાઈના સંડોવાયેલા અને ફરાર આરોપીઓ પૈકીની મહીલાને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી હતી. આરોપીને આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવી છે.વડોદરા શહેરના ઈલોરાપાર્કની એસબીઆઇ બેંકમા કે. પ્રવિણચન્દ્ર એન્ડ એસોશીયેટ નામની પેઢી તથા તેના પાંચ ફિલ્ડ એક્ઝીક્યુટીવો મળી 16 આરોપી દ્વારા હોમ લોન ધારકોના નોકરી તથા રહેણાક સ્થળના વેરિફિકેશન કરી ખોટા જોબ કન્ફર્મના વેરીફીકેશન કરી બેંકમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ બેંકમાંથી હોમલોન ધારકોને બેંકમાંથી રૂ. 1.97 કરોડની અલગ-અલગ હોમલોનો મેળવી નાણાની ઉચાપત કરી બેંક સાથે છેતરપીંડી કરી આચરવામાં આવી હતી. પરંતુ આ ઠગાઈના ગુનામાં આરોપી નાસ્તા ફરતા હતા. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ આ ઠગાઈના ગુનામાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે શોધખોળ કરી રહી હતી. ત્યારે ઠગાઈના ગુનાની મહીલા આરોપી ચેટર્જી ચંપા મિહીરભાઈ (રહે. હરીઓમનગર સોસાયટી,બીલ, વડોદરા તથા સ્ટાર રેસી, વાસણા-ભાયલી રોડ,વડોદરા) હાલમાં ન્યુ અલકાપુરી રોડ આકાશ એપાર્ટમેન્ટ ખાતે હોવાની માહીતી મળી હતી. ત્યારે ક્રાઈમ બ્રાન્ચે મહીલા પોલીસને સાથે રાખી ન્યુ અલકાપુરી રોડ આકાશ એપાર્ટમેન્ટ ખાતે રેડ કરીને મહીલા આરોપીને ઝડપી પાડી હતી. આરોપીને આગળની કાર્યવાહી માટે ગોરવા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવી છે.

પરીક્ષામાં 323 જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે

# રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પરીક્ષા લેવાશે : 3488 ઉમેદવાર પરીક્ષા આપશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ - 3 ની આજે , 4 જાન્યુઆરીના રોજ પરીક્ષા યોજાશે.

વડોદરામાં કુલ 15 બિલ્ડીંગ, 3 રૂટ અને 146 બ્લોકમાં 3488 વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. આ પરીક્ષામાં 323 જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ 3 માટેની પ્રાથમિક પરીક્ષા આજે યોજાશે.

આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ 3 માટેની પ્રાથમિક પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રોની આસપાસના 100 મીટર ના વિસ્તારમાં તા.4 જાન્યુઆરીએ આજરોજ રોજ સવારે 11 કલાકથી બપોરે 1 કલાક દરમિયાન ગેરરીતિ કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહીં. પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ, કેલ્કયુલેટર વાળી ઘડીયાળ તેમજ કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીકસ ઉપકરણો લઈ જવા પર પ્રતિબંધ મૂકાયો છે. ઉપરાંત નિર્દીષ્ટ વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવા પર નિયંત્રણ લાદવામાં આવ્યા છે.

નૃત્ય થકી શ્રદ્ધાભરી અંજલિ અર્પણ કરવામાં આવી

# પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી દ્વારા સર સયાજીરાવ નૃત્ય મહોત્સવનું આયોજન

પરંપરાને ઘડનાર પૂર્વ નૃત્ય ગુરુઓ અને આચાર્યોને સ્મરણ કરી તેમની અમૂલ્ય સેવાઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

એમ.એસ.યુનિવર્સીટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નૃત્ય વિભાગના વિભાગીય અધ્યક્ષ ડો. સ્મૃતિ વાઘેલાના જણાવ્યા મુજબ આવા મહાન રાજવી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તથા તેમને સદૈવ યાદ કરવા માટે છેલ્લા ત્રણ વર્ષથી નૃત્ય વિભાગ દ્વારા નિયમિત રીતે આ કાર્યક્રમ ઉજવવામાં આવી રહયો છે. સર સયાજીરાવ ગાયકવાડ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના સ્થાપક છે. તેમના જીવનકાર્યો, દ્રષ્ટિ અને શૈક્ષણિક યોગદાનની જાણકારી આજના વિદ્યાર્થીવર્ગ સુધી પહોંચે, તેઓ તેમને ઓળખે, સમજે અને તેમના વિચારોથી પ્રેરણા મેળવે, એ હેતુસર આ અવસરે નૃત્ય વિભાગ દ્વારા નૃત્ય થકી શ્રદ્ધાભરી અંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સાથે જ, નૃત્ય વિભાગની સ્થાપનાને 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે વિભાગની સમૃદ્ધ પરંપરાને ઘડનાર તમામ પૂર્વ નૃત્ય ગુરુઓ અને આચાર્યોને સ્મરણ કરી તેમની અમૂલ્ય સેવાઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન નૃત્ય પ્રસ્તુતિ કરનાર તમામ કલાકારોની રજૂઆતોને દર્શકો તરફથી વિશેષ પ્રશંસા મળી. કથક નૃત્યની મનોહર રજૂઆત રેશ્મા નાગર તથા ખુશી કેતન શાહ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ભરતનાટ્યમ તથા કૂચીપુડી નૃત્યની સૌંદર્યસભર પ્રસ્તુતિ વિન્સી ફર્નાન્ડિઝ અને અનંથુ કૃષ્ણન દ્વારા કરવામાં આવી સાથે જ વિભાગ ના વર્તમાન વિધાર્થીઓ લિથિકા, દેવશ્રી, સ્નેહા, ટિયૂની, નિશા, ટીશા, જયશ્રી, હર્ષિતા, ભાર્ગવી, અનાહિતા , થીલીની, વૃશાલી દ્વારા પદન્યાસની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

એએચટીયુની ટીમે શ્રમજીવી, શાકભાજીની રેકડી તેમજ પગ રીક્ષા ચાલક બની ત્યાં ધામા નાખ્યાં

# અપહ્યુત સગીરાને 1666 કિમી દૂર બિહારના મુજફ્ફરનગર જિલ્લામાંથી રેસ્ક્યુ કરી બચાવાઈ

**17** વર્ષની સગીરાને પરત તેના પરિવારને જ્યારે અપહરણ કરનાર આરોપી હરણી પોલીસે સોપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરના હરણી વિસ્તારમાંથી 8 મહિનાથી અપહરણનો ભોગ બનનાર 17 વર્ષની સગીરાને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) ની ટીમે બિહારના મુજફ્ફરપુર જિલ્લામાંથી સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી અપહરણકારના ચુગાલમાંથી છોડી છે અને અપહરણ કરનાર આરોપીની ધરપકડ વડોદરા લાવ્યાં બાદ હરણી પોલીસને આગળની કાર્યવાહી માટે સોપાયો છે. જ્યારે સગીરાને પણ તેના પરિવારને પરત અપાઈ છે. હરણી વિસ્તારમાંથી આઠ મહિના પહેલા સગીર વયની એક છોકરીનું અપહરણ કરવામાં આવ્યું હતું. જે બાબતે તેના પરિવારજનોએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ સગીરાનો કોઈ પત્તો લાગતો ન હતો.

દરમિયાનમાં પોલીસ દ્વારા જે યુવક ઉપર શંકા હતી અને તેના પર વોચ રાખવામાં આવી રહી હતી. આ યુવક ઘણા સમયથી બિહારના મુઝફ્ફરનગર ખાતે રહેતો હોવાની માહિતી મળતા પોલીસ દ્વારા એના પર વોચ ગોઠવવામાં આવી હતી. આ માટે પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી મુજફ્ફરનગર ખાતે ધામા નાખવામાં આવ્યાં હતા. પોલીસે અપહરણકારને ઝડપી પાડવા માટે શ્રમજીવી, શાકભાજીની રેકડી તેમજ પગ રીક્ષા ચાલક જેવા વેશમાં યુવકના ઘરની આસપાસ વોચ રાખતા સગીરા તથા આરોપી ત્યાં હોવાનું જણાઈ આવ્યાં હતા.

ત્યારબાદ પોલીસે તપાસ કરી અજિત રામ બાબુ મહાતો (રામ દયાલુ થાના)ને સ્થાનિક પોલીસની મદદથી ઝડપી પાડી ત્યાંના પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયો હતો. આરોપીએ સગીરાના અપહરણની કબુલાત કરતા આરોપીને વડોદરા લાવી આગળની કાર્યવાહી માટે હરણી પોલીસને સોંપવામાં આવ્યો છે. જ્યારે સગીરા તેના પરિવારને પરત સોંપાઈ છે.

# ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનને 33 વર્ષ પૂર્ણ થતા ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનનું વર્ષો બાદ રીયુનિયન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા એક નાટ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં 33 બેચોના પૂર્વ વિદ્યાર્થીઓ સહિત ફેકલ્ટીના હેડ સહિત પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

એમ એસ.યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનને 33 વર્ષ પૂર્ણ થયા છે. છેલ્લા ઘણા વર્ષથી રિયુનિયન થયું ન હતું. ત્યારે, પ્રથમવાર ફેકલ્ટીએ ઈનિશિયેટ કર્યું અને 33 બેચોના વિદ્યાર્થીઓને આમંત્રિત કરાયા હતા. જેમાં 200 થી વધારે રજીસ્ટ્રેશન થયા હતા. આ કાર્યક્રમમા દેશ વિદેશથી પણ ખાસ આ મીટ માટે આવ્યા હતા. છેલ્લા 33 વર્ષથી રિયુનિયન થયું ન હતું અને એલ્યુમિનાઈ પણ સિનિયર થઈ ગયા છે. જે વિદ્યાર્થીઓ 1990 માં ભણીને ગયા જે રીસેન્ટ છે અને કનેક્ટ નથી, તેઓને ફેકલ્ટીએ એક સાથે જોડી રાખ્યા છે. આ કાર્યક્રમમા વિદ્યાર્થીઓએ પોતાનું નાટ્ય પ્રસ્તુત કર્યું હતું.

# વડોદરામાં મા અંબાના પ્રાગટ્યોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઇ 'જય અંબે'ના નાદ સાથે મંદિરો ગુંજી ઉઠ્યા



■ વડોદરા પોષ સુદ પૂનમના પાવન અવસરે આજે સંસ્કારી નગરી વડોદરામાં જગતજનની મા અંબાનો પ્રાગટ્યોત્સવ અત્યંત શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. વડોદરા સ્થિત અંબા માતાના મંદિરે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું અને સમગ્ર વાતાવરણ 'જય અંબે'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. મા અંબાના પ્રાગટ્ય દિવસ નિમિત્તે મંદિર પ્રશાસન દ્વારા વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતાજીની વિશેષ પૂજા-અર્ચના, ભવ્ય આરતી અને હવનનો સમાવેશ થાય છે. ભક્તોએ શિસ્તબદ્ધ રીતે લાઈનમાં ઊભા રહી માતાજીના દર્શન કર્યા હતા અને સુખ, સમૃદ્ધિ તેમજ આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. હાલમાં શાકંભરી નવરાત્રી ચાલી રહી હોવાથી, આ પવિત્ર અવસરે મા અંબાના મંદિરને લીલા શાકભાજી, વિવિધ ફળફળાદી અને હરિયાળીથી મનમોહક રીતે શણગારવામાં આવ્યું હતું. આ વિશેષ શણગાર માતાજીના 'શાકંભરી સ્વરૂપ'ના દર્શન કરાવતો હતો, જે ભક્તોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ભક્તોએ આ અનોખા દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

વડોદરાના પતંગરસિકો અને કાઈટ ક્લબ્સમાં ફરી એકવાર ઉત્સાહનો માહોલ જોવા મળ્યો

# વડોદરાના આકાશમાં ફરી ગુંજશે 'કાયપો છે'નો નાદ સાંસદની રજૂઆત બાદ કાઈટ ફેસ્ટિવલને મંજૂરી

**બાકાત** રખાયેલા વડોદરાનો ફરી સમાવેશ, પતંગરસિકોની નારાજગી દૂર કરવા સરકારનો મોટો નિર્ણય





(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા સંસ્કારી નગરી વડોદરામાં આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલનો ઉત્સાહ જોવા મળશે. અગાઉ આયોજનમાંથી વડોદરાને બાકાત રાખવામાં આવતા પતંગરસિકોમાં નારાજગી જોવા મળી હતી, પરંતુ વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીની સક્રિય રજૂઆતના પગલે હવે સરકારે વડોદરામાં પણ કાઈટ ફેસ્ટિવલ યોજવાનો નિર્ણય લીધો છે. ગુજરાત ટુરિઝમ દ્વારા જાહેર કરવામાં આવેલા કાઈટ ફેસ્ટિવલના લોકેશન્સમાં વડોદરાનું નામ ન હોવાથી સ્થાનિક પતંગબાજોમાં નિરાશા વ્યાપી હતી. આ બાબતની જાણ થતા જ સાંસદ ડો. હેમાંગ જોશીએ તાત્કાલિક અસરથી ગુજરાત ટુરિઝમ અને રાજ્ય સરકારને પત્ર લખીને વડોદરાની વર્ષોની પરંપરા જાળવી રાખવા રજૂઆત કરી હતી. સાંસદે જણાવ્યું હતું કે વડોદરા એ ઉત્સવપ્રિય નગરી છે અને વર્ષોથી નવલખી મેદાન ખાતે દેશ-વિદેશના પતંગબાજો આ આયોજનમાં સહભાગી થતા આવ્યા છે. આ રજૂઆતને ધ્યાને લઈ સરકાર દ્વારા વડોદરામાં કાઈટ ફેસ્ટિવલ યોજવા માટેની મૌખિક મંજૂરી આપી દેવામાં આવી છે. આ નિર્ણયમાં શહેરના ધારાસભ્યો અને સ્થાનિક સંગઠનોએ પણ સમર્થન આપ્યું હતું. હવે ગાંધીનગર સ્થિત ગુજરાત ટુરિઝમ વિભાગ અને વડોદરાના સ્થાનિક વહીવટી તંત્ર કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર વચ્ચે સંકલન સાધીને ટૂંક સમયમાં ચોક્કસ તારીખની જાહેરાત કરવામાં આવશે. સાંસદે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનો આ નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમાચારથી વડોદરાના પતંગરસિકો અને કાઈટ ક્લબ્સમાં ફરી એકવાર ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

કલેક્ટર એસ.કે.મોદીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

# સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે તા.૧૧મી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

(પ્રતિનિધિ) રાજપીપલા, તા.3

નર્મદા જિલ્લામાં એકતાનગરના આંગણે આગામી તા.૧૧ જાન્યુઆરી, રવિવારના રોજ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬" સરદાર સરોવર નર્મદા બંધના વ્યૂ પોઈન્ટ-૧ ખાતે યોજાનાર છે. જેના આગોતરા આયોજનના ભાગરૂપે જિલ્લા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.



આ બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરએ વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓને સોંપાયેલી કામગીરી યોગ્ય રીતે થાય, વિદેશમાંથી આવતા પતંગબાજોની સુરક્ષા સાથે પ્રોટોકોલ જળવાય રહે તેની કાળજી રાખવા અને પતંગોત્સવ ખરેખર મહોત્સવ બની રહે તે જોવા સૌને પોત પોતાની ફરજ અદા કરવા તેમજ આ મહોત્સવ કાર્યક્રમમાં કાયદા વ્યવસ્થાની જાળવણી, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, વીજ પુરવઠો જળવાઈ રહે, આરોગ્ય ટીમ હાજર રાખવા જણાવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના પતંગબાજોના અવનવા પતંગોના કરતબો માણવાનો અદભૂત અવસર સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસે આવતા પ્રવાસીઓ અને જિલ્લાના નાગરિકોને લાભ લેવાની સોનેરી તક મળી રહેશે.

આ બેઠકમાં નાંદોદ પ્રાંત અધિકારી પરસનજીત કૌર, નાયબ કલેકટર પ્રોટોકોલ એન.એફ. વસાવા, નાયન કલેકટર વિધુ ખૈતાન, નાયબ પોલીસ અધિકક્ષક પી.આર.પટેલ અને એસ.એમ. શર્મા સહિત જિલ્લા વહિવટીતંત્રના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા